# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **આજે યોજાનારી કેબિનેટની બેઠકમાં વરસાદગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કરીને આવેલા મંત્રીઓ અહેવાલ રજૂ કરશે.**
2. **રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી માટે અનામત બેઠકોની ફાળવણી કરાઈ.**
3. **રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 136 તાલુકાઓમાં વરસાદ , રાજ્યમાં પાંચ દિવસ વરસાદની આગાહી.**
4. **ડાંગમાં યોજાયેલા સાપુતારા ફેસ્ટિવલમાં સહેલાણીઓના ધસારાના કારણે સ્થાનિક લોકોની રોજગારી વધી.**
5. **ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની T-20 ક્રિકેટની પહેલી મેચ આજે રમશે.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET

નવનિયુક્ત મંત્રીઓના ખાતા ફાળવણી બાદ આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક મળશે. રાજ્યમાં પડેલા કમોસમી વરસાદની કેબિનેટ બેઠકમાં સમીક્ષા કરાશે.

રાજ્યના સિનિયર મંત્રીઓને કમોસમી વરસાદની સમીક્ષા માટે વિસ્તારમાં મોકલાયા બાદ તેનો રિપોર્ટ લેવામાં આવશે. આજની કેબિનેટ બેઠકમાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાની વળતર અંગે પણ ચર્ચા થશે. 31 ઓક્ટોબર એકતા નગર કેવડીયા ખાતે એકતા દિવસની ઉજવણીના આયોજન અંગે પણ ચર્ચા થશે.

મંત્રીઓને ખાતાઓની ફાળવણી કર્યા બાદ વિભાગોમાં મંત્રીની કામગીરી અને આગામી 100 દિવસના એજન્ડા સંદર્ભે પણ કેબિનેટ બેઠકમાં મંત્રીઓ મુખ્યમંત્રી ને રિપોર્ટ કરશે. રાજ્ય સરકારની આગામી નીતિવિષયક બાબતો સંદર્ભે પણ કેબિનેટ બેઠકમાં ચર્ચા થશે

---

# STATE EC ANNOUNCE RESERVATION

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં મહાપાલિકાઓની ચૂંટણી જાહેર થાય તે પહેલા અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં જૂની છ મહાપાલિકાઓ અને એક નગરપાલિકામાં 27 ટકા ઓબીસી અનામત તેમજ 50 ટકા મહિલા અનામત બેઠકની ફાળવણી બાદ નવું માળખું જાહેર કરાયું છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ 48 વોર્ડની 192 બેઠક છે. જેમાંથી 96 બેઠક મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. જ્યારે સામાન્ય વર્ગ માટે 59 બેઠકો અને 113 બેઠકો અન્ય અનામત રાખવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ માટે 20 બેઠકો, પછાત વર્ગ માટે 52 બેઠકો અને અનુસૂચિત જનજાતિ માટે બે બેઠકો અનામત રાખવામાં આવી છે.

---

## DISTRACT RAIN

રાજ્યભરમાં હજુ પણ કમોસમી રૂપી વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં 136 તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ બનાસકાંઠાના ડિસામાં વરસાદ, ગીરસોમનાથના પાટણ-વેરાવળ, તાલાળા અને સુરેન્દ્રનગરના વઢવાણમાં 2 ઈંચ જેટલો નોંધાયો છે.

બાવળા, સુત્રાપાડા,ધોળકામાં દોઢ ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ આણંદ , ઓલપાડ,મોરબી, બોટાદ, ગઢડા, બરવાળા, સંખેડા સહિતના વિસ્તારોમાં અડધા ઇંચથી પણ ઓછો વરસાદ પડ્યો છે.

આ સાથે જ મુખ્યમંત્રીના આદેશ અનુસાર મંત્રીઓએ વરસાદગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ તાગ મેળવ્યો હતો.

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના લીધે સર્જાયેલી સ્થિતિના પગલે રાજ્ય ઊર્જા મંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં તેમણે વિવિધ વિભાગો પાસેથી કમોસમી વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિનો હકીકતલક્ષી અહેવાલ મેળવ્યો હતો. દિવસ દરમિયાન તેમણે વિવિધ તાલુકાઓમાં

સ્થળ પર જઈ નુકસાનીનો તાગ મેળવ્યો હતો. અને મંત્રીશ્રીએ કહ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોને થયેલી નુકસાની સામે મદદરૂપ થવા સકારાત્મક નિર્ણય કરશે.

---

## MODHAWADIYA ON SERVY

વન અને પર્યાવરણ મંત્રી અર્જૂન મોઢવાડિયા અને સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ ગીર સોમનાથ જીલ્લાના વરસાદગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી. તેમણે ખેતરોમાં થયેલા પાકની માહિતી મેળવી હતી.. આ મુલાકાત બાદ કૃષિ વિભાગ સહિતના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

કમોસમી વરસાદના પગલે ગીર સોમનાથ જિલ્લામાં ઉભી થયેલી પરિસ્થિતિ અંગે માહિતી આપતાં મંત્રી અર્જૂન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે તેઓ હવે કેબિનેટમાં નુકસાન અંગેની માહીતી આપશે.

### બાઇટ - અર્જૂન મોઢવાડિયા, કેબિનેટ મંત્રી

---

## DISTRACT RAIN

વલસાડ જિલ્લામાં પણ છુટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ વરસી રહ્યો છે ત્યારે ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતોને પાકના રક્ષણ માટે તકેદારીનાં પગલા લેવા સુચના આપવામાં આવી છે.

**પંચમહાલ જિલ્લાના મોટા ભાગના ગામોમાં મકાઈ, ડાંગર, કપાસ , શાકભાજી અને અન્ય પાકને ભારે નુકસાન થયું છે. આ નુકસાનના કારણે ખેડૂતોને આર્થિક મુશ્કેલી પડી રહી છે. ત્યારે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીએ કમોસમી વરસાદથી ખેતીને થયેલ નુકસાનનો સર્વે કરી યોગ્ય સહાય ખેડૂતોને ચૂકવવા મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને રજૂઆત કરી છે.**

---

## WEATHER FORECAST

**આગામી પાંચ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્રમાં ઓરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની શક્યતા છે.**

**ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.**

**(બાઇટ : પ્રદીપ શર્મા – વૈજ્ઞાનિક)**

---

## DANG FESTIVAL

ડાંગમાં યોજાયેલા સાપુતારા ફેસ્ટિવલમાં સહેલાવાણીઓના ધસારાના કારણે સ્થાનિક લોકોની રોજગારી વધી. સાપુતારા વેકેશન ફેસ્ટિવલ-૨૦૨૫ના આયોજનથી લાભપાંચમ પછી પણ પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો છે. આ ફેસ્ટિલ અંતર્ગત કલાવૃંદ દ્વારા રજુ કરવામાં આવેલ સિદ્દી ધમાલ નૃત્યમાં

પ્રવાસીઓ પણ નાચ્યા હતા. નોટીફાઈડ એરિયા કચેરી દ્વારા ઉભા કરવામાં આવેલા આકર્ષક સેલ્ફી ઝોન પર ફોટો પડાવીને પ્રવાસીઓ, આ ફેસ્ટિવલની ક્ષણોને કાયમી સંભારણું બનાવી રહ્યા છે.

---

## STATE EC ANNOUNCE RESERVATION

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં મહાપાલિકાઓની ચૂંટણી જાહેર તે અગાઉ પહેલા અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં જૂની છ મહાપાલિકાઓ અને એક નગરપાલિકામાં 27 ટકા ઓબીસી અનામત તેમજ 50 ટકા મહિલા અનામત બેઠકની ફાળવણી બાદ નવું માળખું જાહેર કરાયું છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ 48 વોર્ડની 192 બેઠક છે. જેમાંથી 96 બેઠક મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. જ્યારે સામાન્ય વર્ગ માટે 59 બેઠકો અને 113 બેઠકો અન્ય અનામત રાખવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ માટે 20 બેઠકો, પછાત વર્ગ માટે 52 બેઠકો અને અનુસૂચિત જનજાતિ માટે બે બેઠકો અનામત રાખવામાં આવી છે.

---

## CLIMATE CHANGE AWARD

'પ્લાસ્ટિક મુક્ત ગામ ' થકી આબોહવા પરિવર્તનની અનોખી પહેલ શરૂ કરનાર રાજ્યની ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓને 'ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ્સ 'થી સન્માનિત કરવામાં આવી છે.

આ શાળાઓમાં ગાંધીનગરની પાલજ અને અહમદપુર તેમજ ખેડાની સિંહુજકુમાર પ્રાથમિક શાળાનો સમાવેશ કરાયો છે. જેમાં પ્રથમ , દ્વિતીય અને તૃતીય વિજેતા આ શાળાઓને રાજ્ય સરકાર દ્વારા અનુક્રમે એક લાખ , 75 હજાર અને 50 હજારનું રોકડ ઇનામ આપવામાં આવ્યું છે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

---

## IND VS AUS CRICKET

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણીનો પહેલો મુકાબલો આજે કેનબેરાના મનુકા ઓવલ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 1 વાગ્યેને 45 મિનિટે શરૂ થશે.

આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં યોજાનાર વર્લ્ડ કપની તૈયારી માટે આ શ્રેણી બંને દેશો માટે મહત્વપૂર્ણ રહેશે.સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ શ્રેણીની શરૂઆત જીત માટે મેદાને ઉતરશે. ICC T20 રેન્કિંગમાં પ્રથમ અને બીજા ક્રમે રહેલી ટીમો એકબીજાનો સામનો કરશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે છેલ્લી T20 મેચ 2024 વર્લ્ડ કપના સુપર 8 માં હતી, જેમાં ભારતે જીત મેળવી હતી. ભારતીય ટીમમાં જસપ્રીત બુમરાહની વાપસીથી ખેલાડીઓમાં ઉત્સાહ ફેલાયો છે. બુમરાહને ઓસ્ટ્રેલિયા સામેની તાજેતરની ODI શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો હતો.

---

# BJP SNEHMILAN

ભારતીય જનતા પાર્ટીએ ગાંધીનગર મુખ્ય કાર્યાલય , કમલમ ખાતે કાર્યકર્તા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયાએ જણાવ્યું , "ગુજરાતમાં દિવાળી અને નવા વર્ષનું ખૂબ મહત્વ છે.

## બાઇટ : ગોરધન ઝડફિયા

---

# NARMDA DAM WATER LEVEL RISE

મધ્યપ્રદેશના ઉપરવાસમાં પડેલ વરસાદને પગલે નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો નોંધાયો છે.

એક તરફ ગુજરાતમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે તો બીજી તરફ બે દિવસથી મધ્યપ્રદેશના ઉપરવાસમાં પણ વરસાદ થવાથી નર્મદા ડેમમાં પાણીની આવક વધી છે.જેના પગલે નર્મદા ડેમનો 1 દરવાજો 62 સે.મી. ખોલાયો હતો. જેમાંથી નર્મદામાં પાંચ હજાર ક્યુસેક પાણી છોડાયું છે.

અગાઉથી જ પાવરહાઉસ મારફતે 35 હજાર ક્યુસેક છોડવામાં આવી રહ્યું છે. આ સાથે કુલ 40 હજાર ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે. સાથે સાથે ગરુડેશ્વર ખાતે વિયર ડેમ પણ ઓવરફ્લો થઈ રહ્યો છે પ્રવાસીઓ આ કુદરતી નજારાનો આનંદ માણી રહ્યાં છે.

---